## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



આપણને હરાવી દીધાથી આ લોકો ખૂશ નથી... હવે જેલ ભેગા કરવા માંગે છે...સાચુવવું પડશે..!!

# પોર ત્રણ રસ્તા પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના કુડાસણ થી અડાલજ તરફ જતા રોડ ઉપર પોર ત્રણ રસ્તા ઉપરથી વિદેશી દારૂ અને બિયરના ટીન નંગ-૧૨૬ કિં.૪૪,૮૯૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૪ કિં.રૂ.૨૦ હજાર સેવરોલેટ બીટ ગાડી કિં.૨ લાખ મળી કુલ રૂ.૨.૬૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ દિવાનસિંહ વાળાએ નગરમાં ચાલતી વિદેશી દારૂની પ્રવૃતિઓ પર અંકુશ મેળવવા માટે સ્ટાફના જવાનોને સુચના આપી હતી. એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે રીલાયન્સ સર્કલ આવતા બાતમી મળી હતી કે પોર ગામના રાવળવાસમાં રહેતો મહેન્દ્ર નવિનભાઈ રાવળ અને મિત્ર ધરમપાલ (રહે, દેવી સર્કલ અમદાવાદ)ભેગા મળી વિદેશી દારૂનું મોટી માત્રામાં વેચાણ થાય છે. જેઓ સફેદ કલરની ગાડી નં. જી.જે.૧૮.બી.ઈ.- ૨૭૧૬ માં વિદેશી દારૂનો જથ્થો લઈ કુડાસણ થી અડાલજ બાલાપીર જતા પોર ત્રણ રસ્તા પાસો ઉભા રહી ટેલીફોનીક સંપર્ક કરી ગ્રાહકો બોલાવી વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યા છે.જેથી પોલીસો બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડી કાર સાથે ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે તેમના નામ પુછતા ધર્મપાલસિંહ જયદીપસિંહ સોલંકી (રહે.વૈષ્ણોદેવી સર્કલ નજીક સરદારધામની સામે ઓરડીમાં, મુળ રહે. ગોઠીબડા તા. સંતરામપુર), અમિત ઉર્ફે મામા કનૈયાલાલ ગુજજર (રહે. ફલેટ નં.બી.૧૦૪, ધ સ્પેન્ટા ફલેટ વાવોલ ઉવારસદ રોડ મુળ રહે. સી-૫૮ શુકુન બંગ્લોઝ કડી) અને મહેન્દ્ર રાવળ (રહે રાવળવાસ પોર) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે ગાડીમાં તપાસ કરતા વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ અને બિયર નંગ-૧૨૬ જથ્થો મળી આવ્યો હતો.જે અંગે પુછપરછ કરતા ધર્મપાલસિંહ સોલંકીએ કબુલાત કરી હતી કે ગાડી તેના મિત્ર યોગેન્દ્રસિંહ ચૌહાણની છે. જે ગાડી લઈ તે કેટલીકવાર તેના વતન ગોઠીબડા જઈ આવે છે. તે સમયે સંતરામપુર થી આગળ આનંદપુરી બોર્ડર નજીક ચોકીધાની હોટલ ઉપર બાપુ નામના શખ્સ પાસેથી વિદેશી દારૂ લઈ આવે છે. દશ દિવસ અગાઉ પણ તે ગાડીમાં ૧૦ પેટી દારૂ લઈ આવ્યો હતો. જે દારૂનુ તે છુટક વેચાણ કરી રહ્યો હતો તે સમયે પોલીસના હાથે પકડાઈ ગયા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આવેલ વિવિધ સરકારી કચેરીઓની હિસાબી શાખામાં આજે મુલાકાતીઓ વધુ જોવા મળ્યા હતા.

● જિલ્લા મેલેરિયા અધિકારી આલોક કુલક્ષેષ્ઠ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.

● ગાંધીનગર શહેરમાં ડિવાઈડર પર બ્લેક એન્ડ વ્હાઈટ પટ્ટા મારવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

● ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવર અને શરદી-ખાંસીના દર્દીઓ વધી રહ્યા છે.

● શહેર-જિલ્લામાં હવે ગરમીનો પારો વધશે તેવુ હવામાન-પૂર્વાનુમાન છે.

● કલોલ તાલુકા પોલીસે ધમાસણા ગામની ઓરડીમાંથી વિદેશી દારૂ ઝડપ્યો.

● આ૨.ટી.ઓ. બાજુમાં ગાડી ચાલકે ફ્રૂટ લારીને ટક્કર મારતાં આધેડ ઈજાગ્રસ્ત થયાની ઘટના નોંધાઈ છે.

● જમીયપુરા ગામના રહેણાંક મકાન પાસેથી દારૂનો જથ્થો ઝડપાયો.

● કુડાસણથી અડાલજ બાલાપીર જતા રસ્તા પરથી એલ.સી.બી.એ ૪૪ હજારના દારૂ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા.

● સે. ૧૪ ખાતે રહેતા કોન્સ્ટેબલના ઘર આગળ પાર્ક કરેલુ મોટરસાઈકલની તસ્કરે કરી ઉઠાંતરી.

● ગિયોડ સ્થિત મીની શક્તિપીઠ અંબાજી મંદિરે સમૂહ નવચંડી યોજાયો.

● ચિલોડાની ઓમલેન્ડ સ્કૂલ ખાતે રામનવમી પર્વની ઉજવણી કરાઈ.

● કલોલ શહેરમાં યોગેશ્વર સોસાયટીમાં રહેતા પંચાલભાઈ નિવૃત્ત નાયબ ચીટનીસની માતુશ્રીના અવસાન અંગે યોજાયેલ બેસણામાં માતાના જીવનની ઝાંખી દર્શાવતા ફોટોગ્રાફસ લગાવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે સાંજે અધિકારીઓની સામુહિક બદલીઓનો ઓર્ડર રાત્રે ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

● ગાંધીનગર શહેરમાં આઈ.પી.એલ.નો ફિવર જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેકશન તેમજ જાહેર કચરાના નિકાલની વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે.

● દહેગામમાં ગઈકાલે રાત્રે વીજળી પડતાં સાંઈકૃપા સોસાયટીના રહીશોના વીજ ઉપકરણોને નુકશાન પહોંચ્યુ હતુ.

● ગાંધીનગર તાલુકામાં ગઈકાલે થયેલા છુટાછવાયા વરસાદને લઈ ચિલોડા પંથકમાં ઘઉંના પૂળા પલડી જવાના તથા વૃક્ષો ધરાશયી થયાનું જાણવા મળેલ છે.

# ચાર દિવસ પહેલા ઘરેથી નીકળેલા પ્રેમી-પંખીડાએ સુઘડ કેનાલમાં ઝંપલાવ્યું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની સુઘડ નર્મદા કેનાલમાંથી ગઈકાલે રાત્રીના સમયે દુપટ્ટો બાંધેલી હાલતમાં યુવક-યુવતિનો મૃતદેહ મળી આવ્યા હતા. જયારે પ્રેમી-પંખીડા તલોદ વિસ્તારના હોવાનું સામે આવ્યું હતું. તેઓ બંન્ને ચાર દિવસથી ઘરેથી નીકળી ગયા હતા. તેઓના મોબાઈલ ફોન ગામ પાસેની કેનાલ પાસેથી મળ્યા હતા. યુવક-યુવતિને પરિવારના સભ્યો છેલ્લા ચાર દિવસથી તેઓને શોધી રહ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરની સુઘડ નર્મદા કેનાલમાંથી યુવક-યુવતિનો મૃતદેહ તરતો હોવાની જાણ ફાયરબ્રિગેડને કરતા ફાયર જવાનોએ કેનાલ ખાતે જઈ યુવક-યુવતિનો હાથે દુપટ્ટો બાંધેલી હાલતમાં મૃતદેહ બહાર નીકાળ્યા હતા.

ત્યારબાદ અડાલજ પોલીસે આસપાસના વિસ્તાર અને સોશ્યલ મિડીયાના માધ્યમથી યુવક-યુવતિના પરિવારજનોને શોધવાની કવાયત હાથ ધરી હતી. જેને પગલે યુવક-યુવતિ તલોદ વિસ્તારના હોવાનું સામે આવ્યું હતું. જયારે પોલીસે બંનેને પરીવારના સભ્યોને બોલાવી લીધા હતા.જયારે ૨૦ વર્ષિય યુવક અને ૧૭ વર્ષિય યુવતિ એક જ ગામના હોવાથી સાથે રહી શકશે નહી. જેથી તેઓ ગામમાંથી નીકળી ગયા હતા અને સુઘડ ખાતે કેનાલમાં હાથે દુપટ્ટો બાંધી છલાંગ મારી આપઘાત કર્યો હતો.

# ચિલોડા વિસ્તારમાં પવન અને મીની વાવાઝોડું : ઘઉંના પાકનો સોથ વાળ્યો



ગાંધીનગર,તા.૩૧

બપોરે વાદળછાયો તડકો અને સાંજે કમોસમી પવન સાથે અચાનક વરસાદ ધડધડાટી ઘઉંનો ઉભો અને કાપેલો પાક નજરોનજર પલળી જતા ખેડૂતો ના મોં માં આવેલો કોળીયો છીનવતા જીવ પડીકે બંધાયા વારંવાર નુકશાન થી ખેડુતોમાં ભર ઉનાળે આષાઢી માહોલથી કુદરતની કરામત સામે ખેડૂતો સવાલ કરી રહયા છે કુદરતની કળા અપરંપાર? ગઈ કાલે આ વિસ્તાર પવન સાથે વરસાદ તૂટી પડતા કેરી ફરી થી નાની મંજરી અને કેરીઓ ખરી પડતા ભારે નુકશાન થવા પામ્યું છે કેટલાક માર્ગ પરના ઝાડ ધરાશયી થતા લોકોએ દોટ લગાવી હતી છાશવારે વાતાવરણ માં પલટો થતા ખેડુતોઓમાં અસંમજસ સ્થિતિ સર્જાઈ છે શું કરવું .શું ન કરવું ઘઉંના પાક કેવી રીતે લેવો તે મોટો સવાલ બન્યો છે?

# ખોરજ ખાતે એક સાથે ૨૦૦૦ બાળકોને સુવર્ણપ્રાશન આપી વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગર પાલિકા, ગાંધીનગર જિલ્લા પંચાયત, સંસ્કૃતિ આર્ય ગુરુકુલ (રાજકોટ) અને ભાજપ ડોકટર સેલ, ગાંધીનગર મહાનગર-જિલ્લા સાથે મળીને રેકોર્ડ સર્જ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ જિલ્લા પંચાયત હસ્તકના ૧૫૩૭ શાળા તેમજ આંગણવાડી કેન્દ્રો પર ૧,૪૭,૨૩૬ બાળકોને દર મહિનાના પુષ્યનક્ષત્રના દિવસે એક વર્ષ સુધી નિઃશુલ્ક મંત્રૌષધિ સુવર્ણપ્રાશન સંસ્કાર કરાવવાની શરૂઆત કરવામાં આવી હતી. આ માટેનો મુખ્ય કાર્યક્રમ ગાંધીનગર મહાનગરપાલિકાના ખોરજ વિસ્તારમાં યોજાયો હતો. જ્યા એક સાથે ૨૦૦૦ બાળકોને સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપોયગી સુવર્ણપ્રાશ ઔષધ આપી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું હતું. આ કાર્યક્રમ ગાંધીન ગરના માન. મેયરહિતેષભાઈ મકવાણાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં સાબરમતિના ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનર પાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, દંડક તેજલબેન નાયી, પક્ષના નેતા પારૂલબેન ઠાકોર, શહેર ભાજપ અધ્યક્ષ રૂચિરભાઈ ભટ્ટ, પ્રદેશ ભાજપ ડોકટર સેલના કન્વિનર ડૉ. ધર્મેન્દ્રભાઈ ગજ્જર, મેહુલભાઈ આચાર્ય(સાંસ્કૃતિ આર્ય ગુરુકુલ), જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડૉ. બી.એન. પ્રજાપતિ, ગાંધીનગર મહાનગર ડૉકટર સેલના પ્રભારી ડૉ. હસમુખભાઈ પટેલ, મહાનગર પાલિકાના કાઉન્સિલર તેમજ ખોરજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ થકી ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણપ્રાશન આપવાની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત અંદાજે ૧.૪૭ લાખ બાળકોને સુવર્ણપ્રાશન આપવામાં આવ્યું હતું. આ અંગેની કામગીરીમાં ભા.જ.પ. ડોકટર્સ સેલ દ્વારા પણ જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકેની ડૉ. હસમુખભાઈ પટેલ તેમજ શ્રી પંકજભાઈ પટેલ દ્વારા જવાબદારી નિભાવવામાં આવી હતી.

# ઝુંડાલ જમીનનો ખોટો બાનાખત તૈયાર કરનાર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદના શખ્સે નોટરીની મદદથી વૃધ્ધાનો તોડ કરવા ઝુંડાલની જમીનનો ખોટો બાનાખત કરી ટાઈટલ કલીયર જગ્યામાં ખોટા લીટીગેશન ઉભા કરી કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જેથી વૃધ્ધાએ પ્રાઈવેટ ફીંગરપ્રિન્ટ એકસપર્ટ મારફથે ચકાસણી કરાવતા જમીનના દસ્તાવેજમાં તેમના નામે કરેલા અંગુઠા અને સાક્ષીઓની સહીઓ પણ ખોટી હોવાનું સામે આવ્યું છે. અડાલજ પોલીસે નોટરી અને શખ્સ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલના સઈજ ખાતે રહેતા ૬૫ વર્ષિય ધુળીબેન ઠાકોરની ઝુંડાલ ગામના સર્વે નં. ૪૯ ખાતાના નં.૮૪૬ વાળી ૧૮૮૧૦ ચો.મી. જમીન પિયરપક્ષે સંયુકત માલીકીની છે. તેમના હિસ્સાની જમીનમાં વર્ષ ૨૦૨૦માં તેમના ઘરે કોર્ટની નોટીસ આવી હતી. જેમાં વિનોદકુમાર અશોકકુમાર બૈરવા (રહે. ૧૩૯, પીપલેશ્વર સોસાયટી ચેનપુર સાબરમતિ અમદાવાદ) દ્વારા બાનાખત સંદર્ભે દાવો દાખલ કર્યો ઉલ્લેખ હતો. જયારે બાનાખતમાં નોટરી રૂબરૂ નોટરાઈજ પણ રજુ કર્યોહતો. જમીન વિનોદકુમારને રૂ.૧૭.૨૦ લાખમાં વેચાણ આપી હતી અને તે ઉપરાતં જમીનના ટુકડે ટુકડે રૂ.૧૫ લાખ ચુકવી દીધા હોવાથી કબ્જા વગરનો બાનાખત કરાર કરી આપ્યાનો ઉલ્લેખ હતો. જયારે લખી આપનાર ધુળી બેન અંગુઠા અને સાક્ષી તરીકે બળદેવભાઈ બાબુભાઈ પરમાર તેમજ રમણ મથુરજી ઠાકોરની સહીઓ હતી. આ દરમિયાન બાનાખત કરારની અંદર અંગુઠાના નિસાન અંગે ખાનગી ફીંગર પ્રિન્ટ એકસપર્ટની તપાસ કરાવતા તે અંગુઠાના નિશાન ધુળીબેનના નહી હોવાનું અભિપ્રાય આવ્યો હતો. જેથી વિનોદકુમારનું અવસાન થતા તેના પત્ની એ કોર્ટમાં અપીલ કરી હતી. જયારે ધુળીબેનની અરજી કરતા બાનાખત ખોટો હોવાનું પુરવાર થતા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરની આરટીઓ કચેરી પાસે કાર ચાલકે ચીકુ ભરેલી લારીને ટક્કર મારી

ગાંધીનગર,તા.૩૧

શહેરના ગ-૧ થી ગ-૦ તરફ જતા માર્ગ પર આરટીઓ કચેરી સામે ચીકુ ભરેલી લારીને કાર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

આ બનાવમાં ચીકુ રોડ પર દુરદુર સુધી જોવા મળ્યા હતા. જયારે અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી ગયો છે. જયારે ચીકુની લારીના ચાલકને હાથે ફ્રેકચર હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આરટીઓ કચેરી પાછળના ભાગે રહેતા ૫૦ વર્ષિય નટવરભાઈ ઓખાભાઈ પટ્ટણી વેપાર કરે છે. જયારે નટવરભાઈના દિકરા વિનોદ તેની પત્ની ગીતાબેન તેમજ તેના ત્રણ સંતાનો સાથે રહે છે. બાપ-બેટો બંન્ને ફ્રુટની લારી ચલાવી વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ત્યારે આજે સવારે નટવરભાઈ અને તેમનો દિકરો વિનોદ ચીકુ ભરેલી લારી લઈને ફેરી માટે નીકળ્યા હતા. આરટીઓ કચેરી ગાંધીનગરની બાજુમાં બાવડના વૃક્ષના છાયડામાં બેઠા હતા. જયારે દિકરો આરટીઓ કચેરી સામેના સેકટરોમાં ફેરી માટે નીકળ્યો હતો. તે દરમિયાન સવારના સાડા દશ વાગે ગ-૧ સર્કલ તરફથી એક ફોરવ્હીલ ગાડીના ચાલકે તેની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લારીને ટક્કર મારતા લારી સાથે ફરીયાદી પણ ઘસડાયો હતો. જયારે રોડ પર ચીકુ વેરણ છેરણ થઈ ગયા હતા. બનાવને પગલે તાત્કાલીક તેમનો દિકરો આવી જતા તેણે ગાડીનો નંબર જોતા તે ગાડી નં.જી.જે.૦૧.એ.ઝેડ-૪૦૪૮ લખ્યો હતો. અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો.જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયારે હાથના ભાગે ફ્રેકચર હોવાથી હાલ સારવાર હેઠળ છે. જયારે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# પોલીસ ભવનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલના બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર પોલીસ ભવનમાં ત્રિનેત્રમાં ફરજ બજાવતા પોલીસ જવાનનું બાઈક સેકટર-૧૪ ખાતેથી ચોરાયું છે. જવાને બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ પ્લોટ નં.૧૦૯ ખાતે રહેતા કિરણસિંહ રંગતસિંહ વાઘેલા એસઆરપી ગ્રુપ-૧૬ માં ભચાઉમાં પોલીસે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે અને પોલીસ ભવન ખાતે ત્રિનેત્રમાં ફરજ બજાવે છે. પોલીસ જવાન પાસે પોતાની માલિકીનું જી.જે.૦૮.સી.એફ.-૭૭૧૪ હતું. આ બાઈકનો ઉપયોગ જવાન કરતો હતો.

ગતરોજ જવાન નોકરી પુરી કરી ઘરે આવી રાત્રીના સમયે બાઈક મકાન નીચે આવેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કરી સુઈ ગયા હતા. જયારે બીજા દિવસે સવારે આઠ વાગે નોકરી જવા માટે બાઈક લેવા જવાન જતા ખબર પડી કે પાર્ક કરેલી જગ્યા પર વાહન નથી. જેથી બાઈક અંગે મકાનની આસપાસ તેમજ અન્ય સેકટરમાં આજ સુધી તપાસ કરવા છતા મળી આવ્યું નથી. જેથી જવાને પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

ઉલ્લેખયની છે કે શહેરમાંથી રોજ ટું-વ્હુલીર બાઈકની ચોરી થવા પામે છે.

ચોર ટોળકી પહેલા ભીડભાડ વિસ્તારમાંથી જ ચોરી કરતા હતા. પરંતુ હવે તો ઘર પાસે મુકી રાખેલા વાહનો પણ સલામત રહ્યા નથી.ત્યારે વાહનચોર ટોળકી ક્યારે પકડાય છે તે જોવુ રહ્યું.

## ચિલોડામાં સ્વચ્છ ભારત પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અંતર્ગત અવેરનેસ કાર્યકમ યોજાયો



ગાંધીનગર,તા.૩૧

સ્વચ્છ ભારત પ્લાસ્ટિક મુક્ત ભારત અંતર્ગત વિદ્યાર્થીઓમાં જાગૃતતા આવે. અને હરણ ફાળ વિકાસની સાથે સાથે પ્રકૃતિને બચાવવા માટેના એક આગવા અભિગમથી વિદ્યાર્થી અવસ્થાથી જ બાળકો જાગૃત બને તે હેતુથી પ્લાસ્ટિક નું રિસાયક્લિંગ કરી તેમાંથી બનતી અનેકવિધ વસ્તુઓ બનાવી ઉપયોગમાં લઈ ધરતીને પ્લાસ્ટિક મુક્ત કેવી રીતે કરાય અને સ્વચ્છતામાં કેવી રીતે અગ્રીમ બનીએ તે અંતર્ગત. મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે બિસ્લેરી કંપની ના સિનિયર મેનેજર દ્વારા બોટલ ફોર ચેન્જ , પ્રોજેક્ટ અંતર્ગત બાળકોને પ્રેક્ટીકલ તેમજ સ્માર્ટ બોર્ડમાં વિડીયો થકી યોગ્ય સમજણ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. અને ત્યારબાદ વિદ્યાર્થીઓ પાસે તે વસ્તુ બનાવડાવી તેમાંથી શ્રેષ્ઠ વસ્તુ બનાવનાર નહીં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપી યોગ્ય પુરસ્કાર થી સન્માનિત કર્યા. તે ઉત્તમ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા

# ગુજરાતને દેશનું પ્રથમ ક્રમનું વિકસીત રાજય બનાવવાના નિર્ધાર : અમિત શાહ

**કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહે માણસા નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૫૬ કરોડના વિકાસ કામોનું મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ- ખાતમુહૂર્ત કર્યુ**



ગાંધીનગર,તા.૩૧

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે માણસા ખાતે રૂ. ૫૬ કરોડના વિકાસ કાર્યોના વર્ચ્યુઅલ લોકાર્પણ- ખાતમુહૂર્ત સમારોહમાં જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન તળે ગુજરાતને દેશમાં વિકાસમાં પ્રથમ નંબરના રાજય તરીકે પ્રસ્થાપિત કરવાના નિર્ધાર સાથે સરકારે વિકાસને સૌથી વધુ પ્રધાન્ય આપ્યું છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી શાહે જણાવ્યું હતું કે, 'વિકાસનો વિચાર' મહત્વપુર્ણ છે અને તેને સાકાર કરવો એથી પણ વધુ મહત્વપૂર્ણ છે. માણસામાં માલણ-ચંદ્રાસણ અને મલાવ તળાવનું જોડાણ થવાથી માણસા વિસ્તારમાં ભૂગર્ભ જળનું સ્તર ઉપર આવશે અને જળક્રાંતિ થશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. માણસા પંથકમાં કેન્દ્ર અને રાજય સરકારે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૧૮૨ કરોડના વિકાસ કાર્યો સાકાર કર્યા છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહે માણસાના વિકાસ કાર્યોની અવિરત શૃંખલાથી માણસાના નાગરિક તરીકે રાજય સરકારનો આભાર માન્યો હતો. માણસા વિસ્તારમાં નવી રેલવે લાઈન નાખવાથી લઈને ૩૨ તળાવોનું નિર્માણ, બાર જેટલાં તળાવોના આંતરજોડાણ, ચંદ્રાસણ તળાવનું બ્યુટીફિકેશન, શહીદ સ્મારકનું નિર્માણ, અંબોડ સ્થિત કાલીમાતા મંદિર જિર્ણોધ્ધાર, માણસા-ગાંધીનગર, મહુડી-પુંદ્રા તેમજ કલોલ-માણસા ચારમાર્ગીય ધોરીમાર્ગના નિર્માણ દ્વારા માણસા વિસ્તારના વિકાસ કાર્યોથી લોકોના જીવન ધોરણમાં બદલાવ આવ્યો છે તેમ પણ શ્રી અમિતભાઈએ ઉમેર્યુ હતું.